For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ભિલાડ સ્ટેશન પર મેમુ ટ્રેનનાં 4 પૈડાં પાટા પરથી ઊતરી ગયાં

**ડિરેલમેન્ટનું** કારણ પોઈન્ટ ફેલિયર અથવા ટ્રેક ફ્રેક્ચર હોઈ શકે

**વંદે** ભારત સહિત અનેક ટ્રેનો કલાકો સુધી પ્રભાવિત, દુર્ઘટના ટળી



સુરત, ઉમરગામ, વલસાડ, વાપી: ભિલાડ રેલવે સ્ટેશન પર મંગળવારે સવારે પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલમાં એક મોટી રેલ દુર્ઘટના ટળી ગઈ હતી. વિરાર-ભરૂચ મેમુ (ટ્રેન નંબર 19101) સુરત તરફ આવી રહી હતી. સવારે અશરે 6:27 વાગ્યે ભિલાડ સ્ટેશનના પ્લેટફોર્મમાં પ્રવેશી રહી હતી ત્યારે ટ્રેનના ફ્રન્ટ ડીએમસી (ડ્રાઈવિંગ મોટર કોચ)ના ચાર પૈડાં પાટા પરથી ઉતરી ગયા હતા.

...અનુસંધાન પાના 5 પર

### વાપીથી સુરત વચ્ચે બસો દોડાવાઈ

ભિલાડ સ્ટેશન પર અટવાયેલા મુસાફરોને ગતંવ્ય સ્થાનથી સુધી પહોંચાડવા માટે વાપીથી સુરત વચ્ચે સ્પેશિયલ બસો દોડાવાઈ હતી. મોટી સંખ્યામાં પેસેન્જરો બસમાં સુરત પહોંચ્યા હતા. આ ઉપરાંત રિફંડ માટે એક્સટ્રા કાઉન્ટર શરૂ કરાયું હતું. મુસાફરોને હાથોહાથ રિફંડ આપવામાં આવ્યું હતું.

# સાપુતારા અને ડાંગના સરહદી વિસ્તારોમાં ભૂકંપ આવતાં અફરાતફરી

**નાસિક** અને પાલઘરમાં આવેલા ભૂકંપની સરહદી વિસ્તારો પર અસર!

સાપુતારા : ગિરિમથક સાપુતારા તથા ડાંગ જિલ્લાના મહારાષ્ટ્ર સરહદના ગામડાઓમાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા હોવાના અહેવાલો વહેતા થતાં રહીશો અને પ્રવાસીઓમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. સાપુતારા સહિત સરહદીય ગ્રામીણ વિસ્તારોમાં લોકોએ જમીનમાં કંપન અનુભવાયું હોવાનો દાવો કર્યો હતો. જોકે, આ ઘટના અંગે ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગ અને ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ISR) દ્વારા વાસ્તવિક પરિસ્થિતિ

...અનુસંધાન પાના 5 પર

### ભૂકંપ આવ્યો હોવાની વાતો, દાવા કે માત્ર અફવા? ડાંગ ડિઝાસ્ટરનો ઈન્કાર

ડાંગ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સિસ્મોલોજી વિભાગ, ગાંધીનગરે જણાવ્યું છે કે ડાંગ કે સાપુતારા પટ્ટામાં ભૂકંપનું કોઈ સીધું કેન્દ્રબિંદુ નોંધાયું નથી. અને કંપારી કે ધ્રુજારી અનુભવ થઈ જ ન શકે. સાપુતારા અને સરહદીય ગામોમાં જ ભૂકંપ આવ્યો હોવાની વાતો કે દાવા માત્ર અફવા છે. ડાંગ જિલ્લામાં કોઈ પણ પ્રકારની જાનમાલની કે ભૌતિક નુકસાનીના સમાચાર નથી. તંત્ર દ્વારા નાગરિકોને સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો પર વહેતી થતી અફવાઓ પર ધ્યાન ન આપવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરવામાં આવી છે.



ધોલેરા પાસે 'ધ બર્નિંગ કાર'ની ઘટનામાં સુરતના બેનાં મોત

# પતિએ સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવ્યો ને કારે પલટી ખાતાં આગથી પત્ની-પુત્ર ભડથું!

**મૂળ** ધોલેરાના ઓતારિયાના વતની અને સુરતમાં રહેતો કાકડિયા પરિવાર રાજપરા ખાતે ખોડિયાર માતાજીના દર્શને જઈ રહ્યો હતો

**સીએનજી** હોવાના કારણે કાર ભડભડ સળગી ઊઠી, પતિ અને તેના પિતા બહાર નીકળી ગયા પણ માતા-પુત્ર ફસાઈ ગયાં

સુરતઃ 'તમે કેટલા બધા લોકો છો, કારને સીધી કરી આપો મારા પરિવારને બચાવી લો...' - ધોલેરા એક્સપ્રેસ-વે પર સળગતી કાર પાસે કલ્પાંત કરી રહેલા એક લાચાર પિતાના આ કરુણ શબ્દોએ ત્યાં હાજર દરેક વ્યક્તિનું હૃદય ધ્રુજાવી દીધું હતું. સુરતથી ભાવનગર રાજપરા ખોડિયાર માતાજીના દર્શને નીકળેલા કાકડિયા પરિવાર માટે આ પ્રવાસ જીંદગીનો વિયોગી

...અનુસંધાન પાના 5 પર



### પત્ની અને બાળકની ચીસો સંભળાઈ, પણ પિતા લાચાર બન્યા

જોતજોતામાં આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે કારમાં સવાર જતીનભાઈ અને તેમના પિતા ગંભીર રીતે દાઝીને મહામહેનતે બહાર નીકળી શક્યા હતા. પરંતુ પાછળની સીટમાં ફસાયેલાં પત્ની અમીબેન અને ૧ વર્ષના ધનુષને બહાર નીકળવાની તક જ ન મળી. પોતાની નજર સામે જ પત્ની અને માસૂમ બાળકને આગની જ્વાળાઓમાં હોમાતા જોઈને પિતા જતીનભાઈએ કાળજા કંપી ઉઠે તેવો કલ્પાંત કર્યો હતો. કાર એટલી હદે સળગી રહી હતી કે ધસમસતી આગની જ્વાળાઓ સામે કોઈની પાસે જવાની હિંમત ચાલતી નહોતી. ક્ષણવારમાં જ માતા અને માસૂમ બાળક કારની અંદર જ ભડથું થઈ ગયા હતા.

### જતીનભાઈએ કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર કૂદીને સામેની બાજુ ઊંધી વળી ગઈ: ધોલેરા પીઆઈ શર્મા

ધોલેરાના પો.ઈ. એસ.સી. શર્માએ જણાવ્યું હતું કે, મૂળ ધોલેરાના ઓતરિયા ગામના વતની સવજીભાઈ ડાયાભાઈ કાકડિયાનો પરિવાર સુરતના કતારગામ વિસ્તારમાં રહે છે. તેમના પુત્ર જતીનભાઈને ડિંડોલીમાં સર્જિકલ સાધનોની દુકાન છે. આ પરિવારના ડાયાભાઈ, જતીનભાઈ, જતીનભાઈનાં પત્ની અમીબહેન અને એક વર્ષનો પુત્ર ધનૂષ મંગળવારે સુરતથી નીકળી ભાવનગર નજીક રાજપરા ખાતે ખોડિયાર માતાજીના દર્શને જતો હતો. એ સમયે ધોલેરા

...અનુસંધાન પાના 5 પર

મનપાના તંત્રની બેદરકારી : વિદ્યાર્થી પી.ટી.ના પિરિયડમાં ગયો... લાશ બનીને ઘરે પરત ફર્યો

# સરકારી શાળામાં વીજકરંટથી ધોરણ-9ના વિદ્યાર્થીનું મોત

**સુમન** શાળાના ટેરેસ પર ખુલ્લા કેબલના કરંટથી આશાસ્પદ વિદ્યાર્થીનું મોત થતાં અરેરાટી

**વાલીઓમાં** આક્રોશ જોઇ આચાર્યને સસ્પેન્ડ કરાયો, પી.ટી.શિક્ષકને ટર્મિનેટ કરાયા



સુરતઃ શાળા એટલે માતા-પિતા માટે સૌથી સુરક્ષિત સ્થળ. જ્યાં બાળકને ભણવા મોકલવામાં આવે, ત્યાંથી તે જીવતો નહીં પરંતુ નિર્જીવ દેહ બની ઘરે પરત ફરે તો તેને અકસ્માત નહીં, પરંતુ તંત્રની ઘોર બેદરકારીનું પરિણામ જ કહેવાય. સુરતના

...અનુસંધાન પાના 5 પર

### અબ્દુલ દીવાલ તરફ દોડ્યો અને કરંટ લાગતા પછડાયો : ફર્સ્ટ પર્સન (મોહમ્મદ ઇરફાન)



ઘટનાના સાક્ષી વિદ્યાર્થી મોહમ્મદ ઇરફાનના જણાવ્યા અનુસાર, બીજા માળે સાતથી આઠ વિદ્યાર્થીઓનું ગ્રુપ પીટીનો પીરીય હોવાથી રમવા ગયું હતું. તે દરમિયાન તેનો સાથી વિદ્યાર્થી અબ્દુલ રહેમાન દીવાલ તરફ દોડ્યો હતો, જ્યાં ખુલ્લા વાયરના સંપર્કમાં આવતા તેને ભારે વીજ કરંટ લાગ્યો હતો.

### પીટી શિક્ષક સેવામુક્ત, આચાર્ય સસ્પેન્ડ, દુર્ઘટના પછી પાવર કોણે બંધ કર્યો તે સવાલ ?

ઘટના બાદ ઈન્ચાર્જ શાસનાધિકારી ધર્મેશ પટેલ તાત્કાલિક શાળાએ પહોંચ્યા હતા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જે વીજપોલમાં કરંટ લાગવાથી માસુમનુ મોત થયુ તે પોલમાં ક્યાય પ્રાથમિક તપાસમાં ખુલ્લો વાયર કે સ્પષ્ટ વીજ લીકેજ જોવા મળ્યું ન હતું. અને વીજ પાવર પણ આવતો નહોતો તેથી પ્રાથમિક આશંકા મુજબ સતત વરસાદને કારણે અર્થિંગ રિવર્સ થતાં લાઇટ પોલમાં કરંટ ઉતર્યો હોઈ શકે છે. વીજ વિભાગ દ્વારા આધુનિક સાધનોથી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### કરુણ ઘટનામાં ઊઠતા સવાલો...

- જ્યારે ગ્રાઉન્ડ હતું તો બાળકોને ટેરેસ પર કેમ લઈ જવાયા?
- વરસાદી મોસમમાં ટેરેસના વીજ પોલની સલામતી તપાસાઈ હતી?
- અર્થિંગ અને ઇલેક્ટ્રિકલ સેફ્ટીનું પ્રમાણપત્ર કોના આધારે આપવામાં આવ્યું?
- જો પોલમાં કરંટ હતો તો અગાઉ તેની જાણ કેમ ન થઈ?
- બાળકના મોત પછી જ કાર્યવાહી કેમ? અગાઉ સુરક્ષા ઓડિટ કેમ ન કરાયું?

સુરતમાં જર્જરીત ઇમારતો હજુ કેટલાનો જીવ લેશે: હજુ 205 મિલકત જોખમી

# જર્જરિત મકાનનો સ્લેબ પડ્યો અને મેડિકલ સ્ટોરના સંચાલકનું મોત!

**ભાગળ** ચાર રસ્તા પર અડાજણના ભરતભાઈ દલાલ કાટમાળ નીચે દબાયા અને મોતને ભેટ્યા

**સ્લેબ** પડ્યો ત્યારે જ બાજુમાં જ બેઠેલા નાના ભાઈ ઉમેશભાઈનો ચમત્કારીક બચાવ થઈ ગયો

સુરતઃ સુરતના ઐતિહાસિક અને સતત ધમધમતા ભાગળ ચાર રસ્તા વિસ્તારમાં મંગળવારે એક હૃદયકંપાવનારી અને દર્દનાક દુર્ઘટના સામે આવી છે. વર્ષો જૂના એક

...અનુસંધાન પાના 5 પર



### વૃદ્ધ સંપૂર્ણ દટાઈ ગયા હતા અને માત્ર પગ બહાર હતા

દુર્ઘટના બનતા જ આસપાસના સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓ જીવના જોખમે મદદ માટે દોડી આવ્યા હતા. કાટમાળ એટલો ભારે હતો કે તેમાં દટાયેલા ભરતભાઈના માત્ર પગ જ બહાર દેખાતા હતા. સ્થાનિકોએ ફાયર બ્રિગેડની વાટ જોયા વિના કાટમાળ ખસેડવાનો અથાક પ્રયાસ કર્યો, પરંતુ પૂરતા સાધનોના અભાવે તેઓ અસમર્થ રહ્યા હતા. ફાયર ઓફિસર બલવંતસિંહના જણાવ્યા મુજબ, ઘટનાની જાણ થતાં જ અમારી ટીમ તત્કાલ સ્થળ પર પહોંચી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર સ્લેબ પડતા વૃદ્ધ સંપૂર્ણ દટાઈ ગયા હતા અને માત્ર પગ બહાર હતા.

ચોમાસામાં ખાડામુક્ત રસ્તા માટે સરકારનો મોટો નિર્ણય

# હવે શહેરોના આંતરિક માર્ગો બનશે CC રોડ

**વારંવાર** તૂટતા ડામરના રસ્તાથી કાયમી મુક્તિ મળશે

**ડામરની** સરખામણીએ સિમેન્ટ કોંક્રીટ રોડનો ખર્ચ 30થી 40 ટકા વધુ

**ઔદ્યોગિક** વિસ્તારોમાં પણ જરૂરિયાત મુજબ CC રોડ બનશે

ગાંધીનગરઃ ચોમાસામાં વારંવાર તૂટી પડતા રસ્તાઓ અને ખાડાઓની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના આંતરિક રસ્તાઓ હવે ડામરના બદલે સિમેન્ટ કોંક્રીટ (CC)થી બનાવવાનો નિર્ણય લેવાયો છે. ડામરની સરખામણીએ CC રોડનો ખર્ચ 30થી 40 ટકા વધુ હોવા છતાં લાંબા ગાળે નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ટકાઉ માર્ગસુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રજાહિતને પ્રાથમિકતા આપી રહી હોવાનું કેબિનેટ પ્રવક્તા જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

રાજ્યમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ પર પડતા ખાડા અને ડામરના રસ્તાઓ વારંવાર તૂટી જવાની સમસ્યાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે શહેરી માર્ગ વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા અને મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વરસાદી પાણીના ભરાવાથી રસ્તાઓને થતાં નુકસાનનો કાયમી ઉકેલ લાવવા સરકાર આ દીર્ઘકાલીન નીતિ અમલમાં મૂકી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, માત્ર શહેરોના રસ્તાઓ જ નહીં, પરંતુ ગામતળના એવા વિસ્તારો જ્યાં દર વર્ષે પાણી ભરાવાથી રસ્તાઓને નુકસાન થાય છે ત્યાં પણ ક્રમશઃ ડામરના બદલે CC રોડ બનાવવામાં આવશે. સુવિધાપથ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં CC રોડનું કામ પહેલેથી ચાલી રહ્યું છે, જ્યારે ભારે વાહનવ્યવહાર ધરાવતા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ જરૂરિયાત મુજબ CC રોડના નિર્માણનો વ્યાપ વધારવામાં આવશે.

સરકારના જણાવ્યા મુજબ CC રોડનું આયુષ્ય ડામરના રસ્તા કરતાં ઘણું વધુ હોય છે, ભારે અને

...અનુસંધાન પાના 5 પર

# ઓડિશાની લેબગ્રોન ડાયમંડ માટેની પ્રોત્સાહક પોલિસીથી સુરતમાં ચિંતા

**ઓડિશાની** ત્રણ મોટા લેબગ્રોન ડાયમંડ પ્રોજેક્ટને મંજૂરી, વીજળી સબસિડી સહિત પ્રોત્સાહન યોજનાઓની જાહેરાત

**ગુજરાતમાં** પણ તાત્કાલિક પ્રોત્સાહક નીતિ જાહેર કરવાની ડાયમંડ વર્કર યુનિયનની માંગ

સુરત : દેશના લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગમાં અગ્રેસર ગણાતા સુરત અને ગુજરાત માટે હવે ઓડિશા નવી હરીફ તરીકે ઉભરતું જોવા મળી રહ્યું છે. વર્ષ-2026 દરમિયાન ઓડિશા સરકારે પ્રથમ વખત રાજ્યમાં ત્રણ મોટા લેબગ્રોન ડાયમંડ ઉત્પાદન પ્રોજેક્ટને મંજૂરી આપી છે. સાથે જ અંદાજે રૂ.1,000 કરોડના રોકાણને આકર્ષવા માટે વિશેષ પ્રોત્સાહન નીતિ જાહેર કરવામાં આવી છે. લેબગ્રોન ડાયમંડ ઉત્પાદન માટે જરૂરી વીજ વપરાશને ધ્યાનમાં રાખીને

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧


| છેલ્લા પાને | અંદરના પાને |
| --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- |

છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- |
| --- | --- |
| અંદરના પાને ₹ 3000/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦




છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

એક શ્રેષ્ઠ જીવન તમો જીવી ગયા,
જીવન કઈ રીતે જીવવુ અમોને શીખવી ગયા,
એક પુત્ર તરીકે, એક ભાઈ તરીકે,
એક મિત્ર તરીકે, એક પતિ તરીકે,
એક પિતા તરીકે, એક કાકા તરીકે,
એક વ્હાલસોયા દાદા તરીકે,
એક આદર્શ વકીલ તરીકે,
એક સર્વશ્રેષ્ઠ ગુરૂ તરીકે...
આદર્શ યાત્રાની ગાથા જયારે પણ લખાશે,
તમારૂ સંપૂર્ણ જીવન તેમા અચુક વર્ણવાશે,
તમોના અમુલ્ય વ્યકિતત્વની
ખોટ અમને સર્વને હર હંમેશ વર્તાશે.
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

સ્વ.પ્રવિણચંદ્ર કલ્યાણદાસ ગજ્જર
જન્મ તા.૨૭/૦૭/૧૯૬૩
સ્વ.તા.૨૯/૦૭/૨૦૨૦

લિ.
હંસાબેન પ્રવિણચંદ્ર ગજ્જર (પત્ની)
કરણ પ્રવિણચંદ્ર ગજ્જર (પુત્ર)
પ્રિયાંશી કરણ ગજ્જર (પુત્રવધુ)
દર્શન પ્રવિણચંદ્ર ગજ્જર (પુત્ર)
બિજલ દર્શન ગજ્જર (પુત્રવધુ)
સૃતિક કરણ ગજ્જર (પૌત્ર)
પાર્શ્વ દર્શન ગજ્જર (પૌત્ર) પરીશી દાર્શન ગજ્જર (પૌત્રી)
તથા ગજ્જર પરિવાર

દસમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.લક્ષ્મીબેન બાબુભાઈ પટેલ
સ્વ.તા.૨૯/૦૭/૨૦૧૬

દુનિયા માટે તો એ ફક્ત એક સ્ત્રી (માં) છે, પરંતુ પોતાના બાળકો માટે તો એ 'માં' આખી દુનિયા છે. એક 'માં' જેના થકી સંતાનો આખી દુનિયા જોઈ શકે છે અને આખા જીવન મા બધું શીખી શકે છે. આ ગુરૂપૂર્ણિમા ના દિવસે એ 'માં' ને સત સત હ્રદય થી નમન.
હરિહર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
બિપિનચંદ્ર બાબુભાઈ પટેલ | સ્વ.પ્રવિણભાઈ બાબુભાઈ પટેલ
સ્વ.સુભાષભાઈ બાબુભાઈ પટેલ | મહેશભાઈ બાબુભાઈ પટેલ
ધીરજભાઈ બાબુભાઈ પટેલ
સમસ્ત પાંચિયા પરિવાર


પૂજ્ય દાદા ને ૪૧મી પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની
श्रद्धांजलि



સ્વ. ચીમનલાલ હરિભાઈ જાદવ
અષાઢ સુદ પૂનમ

પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય,
મસ્તક ઝુકેને તમને વંદન થઈ જાય,
યાદ કરીએ તમને અને આંખો ભીની થઈ જાય,
અમે એવી નજર ક્યાંથી લાવીએ કે
તમને યાદ કરીએ ને તમારા દર્શન થઈ જાય,
પ્રભુ આપનાં દિવ્ય આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
સપ્તશ્રૃંગી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
જાદવ પરિવાર
રાજરાજેશ્વરી શ્રી સપ્તશ્રૃંગી દેવી મંદિર સુરત સલાબતપુરા, રેશમવાડ, સુરત

In Loving Memory of
Legend Advocate
Shri R. K. Desai



પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી આર. કે. દેસાઈ - કુ. સંગીતા આર. દેસાઈ (એડવોકેટ્સ)

ગુરૂ પૂર્ણિમાના પાવન પર્વે સ્મરણાંજલિ.
ધર્મેન્દ્ર અમરસિંહ બ્રહ્મભટ્ટ (એડવોકેટ એન્ડ નોટરી)
દેસાઈ ચેમ્બર્સ, નાનપુરા, સુરત
મો. નં. ૯૮૯૮૦-૦૩૨૧૬

REMEMBERING



MY DEAREST MUMMA
Dr. Mehroo
Sam Bhacca
23

૨૬મી પુણ્યતિથીએ ભાવાંજલિ



સ્વતંત્ર સેનાની
શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર (માજી ધારાસભ્ય)
સ્વ. તા.૨૯/૦૭/૨૦૦૧

સાદગી અને ઉચ્ચમૂલ્યોનુ જીવન જીવ્યા તેમજ અમને પણ એવુ જ જીવન જીવવાનુ શીખવી ગયા પૂજનીય પિતાને કોટી કોટી વંદન.
લિ.
સ્વ. જયપ્રભા કૃષ્ણવદન પચ્ચીગર
અન્નપૂર્ણા ગૌતમકુમાર પચ્ચીગર
નિશા હરેશકુમાર મંદિરવાલા
નીના અક્ષયકુમાર બેન્કર
ઉર્મી-સમીર કૃષ્ણવદન પચ્ચીગર
સીમા હીરેનકુમાર શાહ
પ્રતિક્ષા-ધવલ કૃષ્ણવદન પચ્ચીગર

ખ્રિસ્તી મરણ



સ્વ. આર્થરભાઈ જોનભાઈ મોગેરા

અમારા પ્રેમાળ પતિશ્રી/પિતાશ્રી **આર્થરભાઇ જોનભાઇ મોગેરા**નું દુઃખદ અવસાન થયું છે. તેમની **દફનક્રિયા** તેમના નિવાસસ્થાને **બુધવાર તા.૨૯-૭-૨૬** ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવી છે..
લી.
જસુમતીબેન મોગેરા
પુત્ર - નિમિષ મોગેરા તથા
પુત્રી - દિપીકા સોલંકી તેમજ
પરીવાર
૩, કીર્તિનગર સોસાયટી, રંગઅવધૂત આશ્રમ સામે, રામનગર, રાંદેર રોડ, સુરત-૫

હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. કિશોરભાઈ અમૃતલાલ મહેતા
જન્મ તા.૧૭-૫-૧૯૩૪
સ્વ. તા. ૨૫-૭-૨૦૨૬

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु : गुरुर्देवो महेश्वर : ।
गुरु : साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नम : ॥
ભગવાન સદ્‌ગતની દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. દલસુખ સી. પટેલ (એડવોકેટ)
કલ્પેશ બી. ધોન્ડે (એડવોકેટ)
પ્રકાશ એન. પટેલ (એડવોકેટ)
ધર્મેશ જે. પટેલ (એડવોકેટ)
ધવલ આઈ. પટેલ (એડવોકેટ)
મયુર જે. વાઘેલા (એડવોકેટ)
હરિ તેજસ પટેલ
ઓફિસ સ્ટાફ :
હસમુખ જે. લાડ
તાનાજી વી. ગાયકવાડ

અશુભ - રામકબીર
સહજાત્મ સ્વરૂપ પરમગુરુ



સ્વ. નટવરલાલ મકનજી ભકત
જ.તા.૧૭-૧૨-૧૯૪૧
સ્વ.તા.૨૮-૦૭-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **નટવરલાલ મકનજી ભકત તા. ૨૮-૦૭-૨૦૨૬**ને **મંગળવાર**નાં દિન **હરિચરણ** થયા છે. સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે સ્વગૃહે પ્રાર્થના કરવા વિનંતી.
લિ.
શ્વસુર પક્ષઃ- કેયુરભાઈ સુરેન્દ્રભાઈ ભકત, અભયભાઈ સુરેન્દ્રભાઈ ભકત, મુ.પો. આસુંદર, તા.જી. નવસારી
રાકેશ નટવરલાલ ભકત, ધર્મેશ નટવરલાલ ભકત, દેસાઈ ફળીયુ, મુ.પો. વાવ, તા. કામરેજ, જી. સુરત.
લૌકિક રિવાજ બંધ રાખેલ છે